જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૦૨/૧૨/૨૦૧૮ રવિવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૩૪૨/૧૮**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૮ કેસ કરી, ૩૬ વ્યક્તિઓને ઝડપી, ૨૪૬ લીટર દેશી દારૂ, ૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧ સ્કૂટર, ૧ મોટર સાયકલ અને ૧ રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૯૪૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૩૪૩/૧૮**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૩૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી-૯૩ મુજબ ૧૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડી અને વિશ્વાસઘાત :-** **સમાચાર યાદી નં.૨૩૪૪/૧૮**

**સોલા હાઇકોર્ટઃ** જીવનલાલ નારણભાઇ પટેલ (રહે. અક્ષતવિલા બંગ્લોઝ ડીવાઇન રોડ સચ બંગ્લોઝ સામે સાયન્સ સીટી રોડ હેતાર્થ પાર્ટી પ્લોટ પાછળ સોલા) એ તા.૧/૧૨/૧૮ નારોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૬/૧૧/૧૮ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી મહમંદ હકિમ નામના પુરૂષે જીવણલાલના ઘરે આવી તેમના પગે એક કેમીકલવાળી ભુંગળી લગાવી જીવણલાલના પગની નસમાંથી લોહિ કાઢેલ અને એક ભુંગળી લોહી કાઢવાના રૂપિયા ૩૧૦૦/- લેખે જીવણલાલના પગમાંથી આશરે આઠેક ભુંગળી લોહિ કાઢેલ હોઇ તે પેટે જીવણલાલે આરોપીને કુલ રૂપિયા ૨૫,૦૦૦/- આપેલ હોવા છતા જીવણલાલને પગમાં કોઇ રાહત નહિ થતા તેમની સાથે છેતરપિંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ જે.ડી.પટેલ ચલાવે છે.

**લુંટની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૨૩૪૫/૧૮**

**શહેરકોટડાઃ** જાવેદભાઇ સત્તારભાઇ મેમણ (ઉ.વ.૩૭)(રહે, તૈયબાહ રેસીડન્સી અંબર ટાવર સરખેજ) એ તા.૧/૧૨/૧૮ નારોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૧૧/૧૮ સાજના ૫/૦૦ વાગ્યાના સુમારે જાવેદભાઇનો પુત્ર આફતાબ કાલુપુર ચોખા બજારથી અમદુપુરા બ્રીજના છેડે સુમેલ-૪ સુધી એક ઓટોરીક્ષામાં બેસી મુસાફરી કરતો હતો દરમ્યાન રિક્ષાનો ડ્રાઇવર અને રીક્ષામાં બેસેલ (૨૦ થી ૨૫ વર્ષના આશરાના) ત્રણ પુરૂષોએ ભેગા મળી આફતાબની બેગમાંથી રોકડ રૂપિયા ૫૦,૦૦૦/- તથા જે.એન્ડ.કે બેન્કની સ્લીપ લુંટી લઇ, આફતાબને અમદુપુરા પુલના છેડે ધક્કો મારી ઉતારી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.ડી.ચાવડા ચલાવે છે.

**સરદારનગર:** અનીતાબહેન વા/ઓ પવનકુમાર ગોયલ (ઉ.વ.૪૨) (રહે.આનંદપાર્ક ટોયટા શો રુમની સામે નાના ચીલોડા) તા.૦૧/૧૨/૧૮ સાજના ૬/૩૦ વાગ્યાના સુમારે નોબલનગર સ્વામીનારાયણ સ્વીટસ પાસે આવેલ સ્માઇલ ડેન્ટલ કેર આગળથી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ (૨૨ થી ૨૫ વર્ષના આશરાના) બે પુરૂષ અનીતાબહેનના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૫૨,૦૦૦/- ખેચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ અનીતાબહેન ગોયલે સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.એન.વિરાણી ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૨૩૪૬/૧૮**

**શાહપુરઃ** નમનભાઇ સુભાસચંદ્ર વોરા (રહે.રોયલ એપાર્ટમેન્ટ, હોન્ડા શોરૂમ પાસે, ખાનપુર, શાહપુર) એ તા.૧/૧૨/૧૮ નારોજ શાહપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૧૧/૧૮ રાતના ૧૨/૦૦ થી તા.૦૧/૧૨/૧૮ સવારના ૮/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ખુલ્લા મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, લેપટોપ કિમત રૂપિયા ૧૦,૦૦૦/- તથા નમનભાઇના મિત્રનું લેપટોપ કિમત રૂપિયા ૨૦,૦૦૦/-, એપલ આઈફોન-X મોબાઇલ ફોન કિમત રૂપિયા ૨૦,૦૦૦/-, લીનોવા મોબાઈલ ફોન કિમત રૂપિયા ૨,૦૦૦/-, રોકડ રૂપિયા ૨૦૦૦/- અને અગત્યના દસ્તાવેજો મળી કુલ રૂપિયા ૫૪,૦૦૦/- મત્તાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.કે.અસોડા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.